**‘મા’** શબ્દમાં જ કરુણા, પ્રેમ, મમતા, સ્નેહ શબ્દ સમાય જાય છે. એક બાળકના જીવનમાં તેની ‘મા’નું મહત્ત્વ અણમોલ હોય છે. જ્યારે બાળક જન્મે છે ત્યારે તેની પાસે ‘મા’ જ હોય છે. તે બાળકનો લાડકોડથી ઉછેર કરે છે, તેનામાં સંસ્કારોનું સિંચન કરે છે. પિતા તો કમાણી માટે ઘરની બહાર જાય છે પણ બાળક સાથે આખો દિવસ કોઈ રહેતું હોય તો તે છે ‘મા’ એટલે બાળકને એક સંગાથી તરીકે ‘મા’ ની હૂંફ મળી રહે છે. પહેલાંના સમયમાં ‘મા’ ની ભૂમિકા બાળકના ઉછેર, તેનામાં શિસ્તપાલન કરાવવું, સંસ્કારોનું સિંચન કરાવવું તે જ મુખ્ય હતી પણ અત્યારે સ્ત્રી પોતે ઉચ્ચ શિક્ષિત બની છે એટલે તે મમ્મી તરીકે બાળકમાં ભણવાની ટેવ, કોમ્પિટિશનના આ જમાનામાં બાળકને અપડેટ રાખવાનું સૌથી મોટું કામ કરે છે. જો કે, ‘મા’ જૂના જમાનાની હોય કે નવા જમાનાની તેની સૌથી મોટી ભૂમિકા બાળકના કેર ટેકર તરીકેની રહી છે. તે ક્યારેક બાળકના ઉછેરમાં, તેને લાડ કરવામાં અતિશયોક્તિ કરી બેસે છે ત્યારે બાળક ‘મા’ ની આ ચેષ્ટાથી કંટાળે છે. તો ક્યારેક ‘મા’ તેનું બાળક બીજાં બાળકોની સરખામણીમાં પાછળ નહીં રહી જાય તે માટે કડકાઈ બતાવીને પણ બાળક પર અમુક આચરણ માટે ફરજ પાડતી હોય છે ત્યારે પણ બાળક તેની ‘મા’ ની ચેષ્ટાથી અકળાય છે. બાળકને પણ તેની મધરના કેટલાક ગુણો ગમે છે તો માતાની કેટલીક ચેષ્ટાઓ બાળકને પસંદ નથી આવતી. તો ચાલો આપણે સુરતના ટીનએજ બાળકોને મળીએ અને જાણીએ કે તેમને તેમની મધરની કઈ વાતો ગમે છે અને કઈ નાપસંદ છે...



# મમ્મીમાં શું ગમે અને શું નહીં...?

## ગમતી વસ્તુ અપાવવા કહું તો મમ્મીનો જવાબ હોય હમણાં નહીં પછીથી, પછી રહી જાય: સમૃદ્ધિ કણિયા



અડાજણ વિસ્તારમાં રહેતાં 34 વર્ષીય ક્રિષ્ના કણિયા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેમની 12 વર્ષની ડોટર સમૃદ્ધિ છઠ્ઠા ધોરણમાં સ્ટડી કરે છે. સમૃધ્ધિએ જણાવ્યું કે, ‘‘મારા અને મમ્મી વચ્ચે બોન્ડિંગ સારા છે. મમ્મી મને નીડર બનાવવા માટેની છૂપી રીતે ટ્રેનિંગ આપે. મને એક કી. મી. થી દૂર કોઈ વસ્તુ લેવા સાઈકલ પર મોકલે. આ રીતે એકલા જતાં શીખવાડી મને કોન્ફિડન્ટ બનાવે જે મને ગમે છે. હું જાતે મારું ધ્યાન રાખી શકું તે માટે મને કરાટે શીખવા પ્રોત્સાહન આપે છે જેથી હું સ્ટ્રોંગ બનું. મને સ્વિમિંગ નહોતું આવડતું પણ ત્રણ દિવસ પહેલાં મમ્મી મને સ્વિમિંગ શીખવાડવા લઈ ગયાં અને કીધું તું કરી શકે છે. મમ્મીના માઈનસ પોઈન્ટ હું કહી શકું પણ એનાથી મને મમ્મી પર ગુસ્સો આવે છે એવું ના કહી શકું. મને કોઈ વસ્તુ ગમી ગઈ હોય અને મમ્મી પાસે તે માંગું તો મમ્મીનો જવાબ હોય હમણાં નહીં પછીથી પણ પછી રહી જાય એટલે હું પપ્પા પાસે માંગી લઉ. મમ્મી સાથે આખો દિવસની વાતો શેર કરવી હોય તો સાંજે મમ્મી ઓફિસેથી આવે અને હું મમ્મી પાસે વાત કરવા જાઉ તો મમ્મી થાકેલી હોય એટલે મને બોલી દે શું આવતાંની સાથે વાતો કરવા લાગી જાય. મમ્મી એવું બોલે એટલે મારો ચહેરો નાનો થઈ જાય પણ પછી મમ્મી સામેથી બોલાવી આખા દિવસમાં શું કર્યું તે શેર કરવા કહેતી હોય. દરેક બાળકને ચોકલેટ્સ ભાવે મને પણ બહુ ભાવે પણ મમ્મી ચોકલેટ ખાવા ના પાડે ‘બહુ ચોકલેટ ખાવાથી દાંત ખરાબ થઈ જાય એવું બોલે ત્યારે મને મમ્મી પર થોડી ખીજ ચઢે. જો કે, મારાં મમ્મી મને અત્યારથી જ આ દુનિયામાં કઈ રીતે એકલા હાથે લડવું, કઈ રીતે સારી રીતે જીવી શકાય તે માટેની ટ્રેનિંગ આપીને મને મનથી મજબૂત બનાવી રહી છે.’’

## મમ્મીને કોઈ દિવસ થાકી જતાં નથી જોયાં, ઊંઘવાને લઈને ખખડાવે: દ્રષ્ટિ અને સમીક્ષા પાહવા



વેસુ વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય સ્વીટી પાહવા કન્ટેન્ટ ક્રિએટર અને વીડિયો ક્રિએટર છે. તેમની મોટી દીકરી દ્રષ્ટિ 13 વર્ષની છે જ્યારે નાની દીકરી સમીક્ષા 10 વર્ષની છે. 8મા ધોરણમાં ભણતી દ્રષ્ટિએ જણાવ્યું કે, ‘‘હું મમ્મીને ખૂબ પ્રેમ કરું છું અને તેને કિચનનાં કામોમાં હેલ્પ કરું છું. મમ્મી મારી અને મારી સિસ્ટરની પસંદગીની ટેસ્ટી વાનગીઓ બનાવે ત્યારે તે બહુ વ્હાલી લાગે પણ ક્યારેક તે પસંદગીની વાનગી નહીં બનાવે ત્યારે થોડો ગુસ્સો આવે અને થોડું રિસાઈ જાઉ છું. તે ભણવામાં મદદરૂપ થાય ખાસ તો હિન્દી વિષયની સ્ટડીમાં. જો કે મમ્મી ભણવાને લઈને સ્ટ્રીકટ થાય ત્યારે નહીં ગમે. મમ્મી માને કે વેકેશનમાં સવારે 8-9 વાગ્યા સુધી ઊઠી જવાનું પણ મને 10 વાગ્યા સુધી ઊંઘવાનું ગમે પણ તે જલ્દી ઊઠવા કહે ત્યારે મનમાં કચવાટ રહે.’’ સમીક્ષાએ જણાવ્યું કે, ‘‘મેં મમ્મીને ક્યારેય થાકતાં નથી જોયાં. તેનો આ પ્લસ પોઈન્ટ મને ગમે છે. હા, સ્કૂલેથી આવીને જ્યારે મોબાઈલ હાથમાં લઈને બેસું ત્યારે આંખો ખરાબ થશે કહીને બહુ ખખડાવે ત્યારે મમ્મીના શબ્દો કડવા લાગે. તે સતત બિઝી રહેતી હોવા છતાં અમે બંને બહેનો શાર્પ માઈન્ડના બનીએ એટલા માટે મમ્મી ચેસ જેવી રમત અમારી સાથે રમે જેમાં બુદ્ધિબળનો ઉપયોગ કરવાનો હોય. મમ્મીની પ્રેરણાથી અમે બંને બહેનો લોકોને ઉપયોગી વીડિયો અને રિલ્સ બનાવીએ છીએ. આ રીતે મમ્મી અમને ટેકનોલોજીના ફિલ્ડમાં માહિર બનાવી રહી છે જે મને તો ગમે છે. જો કે જ્યારે મીઠી વાનગીઓ વધારે ખાઈએ ત્યારે મમ્મી શુગર આવી જશે કહીને ખીજવાય એ પણ ઈરીટેટીંગ લાગે છે.’’



## મમ્મી વિન્ડો શોપિંગ કરાવે એટલે ગમે પણ મોડે સુધી ઊંઘવા નહીં દે : યાશી અને યશવી મહેતા




સોનિફળિયા વિસ્તારમાં રહેતાં 45 વર્ષીય મેઘનાબેન ઘરે ઓર્ડરથી બેકરી પ્રોડક્ટ્સ બનાવી તેનો બિઝનેસ કરે છે. તેમની બે 15 વર્ષની ટ્વિન્સ દીકરીઓ છે યાશી અને યશવી જેઓ 10મા ધોરણમાં છે. યાશીએ જણાવ્યું કે, ‘‘ઘરમાં મમ્મી વધારે રહેતી હોય એટલે એની સાથે ઘણી વાતો થાય. મારી મમ્મી ખીજવાય ઓછું પણ તેને ગુસ્સો જલ્દી આવતો હોય એ મને નહીં ગમે. મમ્મી સારું સારું ખાવાનું બનાવીને આપે એટલે મમ્મી ગમે છે. તે વેકેશનમાં અમને બંને બહેનોને મોલમાં શોપિંગ કરવા લઈ જાય તે સૌથી વધારે ગમે છે. જો કે મમ્મી ઘરનાં કામ વધારે કરાવે ને ત્યારે નહીં ગમે. મોડે સુધી ઊંઘવા નહીં દે ત્યારે પણ મમ્મી સાથે વાત નથી કરવી એવું થઈ જાય. વધારે ફાસ્ટફૂડ નહીં ખાવા દે ત્યારે મમ્મી પર ગુસ્સો પણ આવી જાય. યશવીએ જણાવ્યું કે હું કોફીલવર છું, કોકો પણ ભાવે અને પેસ્ટ્રી પણ જો મમ્મી તે નહીં આપે તો હું આખો દિવસ જમું જ નહીં. મને વિન્ડો શોપિંગ ગમે એટલે મમ્મી વેકેશનમાં તે માટે અવારનવાર લઈ જાય. મમ્મી મુવી જોવા લઈ જાય ત્યારે વધારે વ્હાલી લાગે પણ જો મમ્મી ગુસ્સે થાય ને તો હું ઈરીટેટ થઈ જાઉ છું. દાળભાત, શાક-રોટલી બનાવે તે મને નહીં ભાવે પછી મમ્મી મેક્સિકન રાઈસ કે મસાલા ભાત બનાવી આપે ત્યારે મમ્મી વ્હાલનો દરિયો લાગે.’’

## મમ્મી બેસ્ટ ફ્રેન્ડ છે જો કે તે કોઈક વાર ઓવરથિન્કિંગ કરે અને સલાહ આપે : જશાંક સરાધિયા



ભટાર વિસ્તારમાં રહેતાં 41 વર્ષીય ડૉ. છાયાબેન હોમિયોપેથીક ડૉક્ટર છે. તેમનો 12 વર્ષનો દીકરો જશાંક આઠમા ધોરણમાં આવ્યો છે. તેને જ્યારે તેની મમ્મીની કઈ વાતો ગમે છે અને મમ્મીની કઈ વાતોથી તે ઈરીટેટ થાય છે તેવો સવાલ કરાયો તો બોલવામાં સ્માર્ટ જશાંકે જે જવાબ આપ્યા તે તેના જ શબ્દોમાં સાંભળો. ‘‘મારી મમ્મી વર્કિંગ વુમન છે. તે તેનું ક્લિનિક સંભાળે છે, ઘરનાં કામો પણ બહુ સારી રીતે હેન્ડલ કરે છે. તેનું ટાઈમ મેનેજમેન્ટ મને ગમે છે. 7મા ધોરણ સુધી મેં ટ્યુશન કલાસ નથી કર્યા. મારી મમ્મી જ મને મેથ્સ ઉપરાંતના બધા જ સબ્જેક્ટ ભણાવે છે. આ કારણે જ સ્કૂલમાં મારા બહુ સારા માર્ક્સ આવે છે. આ વખતે 90% માર્ક્સ મેળવ્યા. આ કારણે જ મારી મમ્મી મારા બધા ફ્રેન્ડ્સને પણ બહુ ગમે. તે કેરિંગ પણ બહુ છે. મારા દાદાની પણ સારી કેર કરે. ઘરમાં બધાંને જે ભાવતું હોય તે બનાવીને ખવડાવે. જો કે મારી મમ્મીની એક આદત એટલે ઓવરથિન્કિંગ કરે તે મને નહીં ગમે. હમણાં અમારી સોસાયટીમાં ક્રિકેટનું આયોજન થયું ત્યારે મેં મમ્મીને પૂછ્યું કે હું ક્રિકેટ રમું તો તે એટલો બધો વિચાર કરવા લાગી કે પૂછો ના વાત. દીકરા તને વાગી ગયું તો પછી તું રમી શકીશ ખરો? તું નહીં રમી શકે તો? જો કે હું કોઈ વાતે જિદ નહીં કરું. તે જાતે હા પાડી જ દે. તે જે વિચારે તેમાં મારું ભલું જ હોય. મને પણ ખબર છે પણ મમ્મી ઓવરથિન્કિંગ કરે ત્યારે હું તેને સમજાવું. મમ્મીની બીજી એક વાત હું સ્કૂલે જવા નીકળું ત્યારે એ 5 મિનિટ તો સલાહ આપતી હોય. સ્કૂલમાં આમ નહીં કરવાનું તેમ કરવાનું. પાંચ વખત તો હોમવર્ક કર્યું હોમવર્ક કર્યું ના સવાલ કરે. મમ્મીની સલાહ આપવાની અને સવાલ કરવાની આદત મને ઈરીટેટ કરે છે. જો કે બધું જ મારા ભલા માટે જ હોય. ડૉ. છાયાબેને જણાવ્યું કે, ‘‘મારો દીકરો બહુ ટોકેટીવ છે. મારે તેને કહેવું પડે કે થોડો શાંત રહે. ત્વરિત રિસ્પોન્સ નહીં આપ. હું મારા દીકરાની મમ્મી પણ છું અને એની ફ્રેન્ડ પણ છું.’’

## જમતી વખતે મોબાઈલ જોતો હોઉં ત્યારે મમ્મી જમવામાં ઉતાવળ કરવાનું કહે તે નહીં ગમે: નક્ષ બોર્ડીયા



અલથાણ વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય શ્રદ્ધાબેન ઈવેન્ટ પ્લાનર છે. તેમનો 10 વર્ષનો દીકરો નક્ષ છઠ્ઠા ધોરણમાં ભણે છે. નક્ષે જણાવ્યું કે, ‘‘મારી મમ્મી જમવાનું બહુ ટેસ્ટી બનાવે અને ઘણી વેરાયટીનું બનાવે. આલુ રોટી, આલુ પરાઠા, ભીંડી રોટી, રીંગણાનું ભરથું. આ બધું મને ભાવે છે અને મને જ્યારે તે ખાવું હોય બનાવી આપે. મમ્મી સરસ જમવાનું બનાવે છે તે મને ગમે છે. મમ્મી મને મેથ્સ સિવાયના બીજા સબ્જેક્ટના હોમવર્ક કરવામાં હેલ્પ કરે છે. ટ્યુશનથી આવું એટલે મને સ્ટડીમાં હેલ્પ કરે. મમ્મી મને તરત સમજાય એવી રીતે ભણાવે છે એ મને ગમે છે. ત્રીજી વાત મને ફરવા બહુ લઈ જાય. વેકેશનમાં તો ગોવા, મનાલી, રાજસ્થાન અને બીજી જગ્યાઓ પર ફરવા જવાનું પ્લાનિંગ તો મમ્મીનું જ હોય. મારી મમ્મીની બધી જ વાતો ગમે છે પણ હા, મને મોબાઈલ જોતાં જોતાં ખાવાનું ગમે ત્યારે મમ્મી જલ્દી જલ્દી ખાવાનું કહે જે મને થોડું કંટાળાજનક લાગે ત્યારે હું મમ્મી ને કહું થોડો રિલેકસ તો થવા દો, હજી હમણાં તો સ્કૂલેથી આવ્યો છું, હું થાકેલો છું. મને આર્ટ એન્ડ ક્રાફ્ટ બહુ ગમે. હું તે કરતો હોઉ અને મમ્મી વારંવાર આવીને સ્ટડી કર કહે તે મને ઈરિટેટ કરે છે. નાના નાના હોમવર્ક જલ્દી જલ્દી પતાવાનું કહે પણ વચ્ચે વચ્ચે સ્ટડી આવી જાય તો કંટાળો લાગે પણ હું જલ્દી ફ્રી થઈ જાઉ તે માટે જ મમ્મી જલ્દી જલ્દી હોમવર્ક કરવાનું કહેતી હોય. હું અને મમ્મી રોજ રાત્રે 8 થી 9 ગરબા કલાસમાં જઈએ. મમ્મી સાથે હોય એ મને ગમે. તે મને મોબાઈલ ફોન અડધો એક કલાક માટે આપે પછી ના પાડે એ મારી ભલાઈ માટે હોય એટલે હું એમની આ વાત સાથે સંમત થાઉ છું.’’

## મને ક્રિકેટ ગમે છે, તેની પ્રેક્ટિસ માટે મમ્મી મારી સાથે ક્રિકેટ રમે છે: યુવરાજ જાદવ



વેડરોડ વિસ્તારમાં રહેતાં 32 વર્ષીય નિહારિકાબેન હાઉસ વાઈફ છે. તેમનો 10 વર્ષના દીકરો યુવરાજ 5મા ધોરણમાં ભણે છે. યુવરાજે જણાવ્યું કે, ‘‘મારે મોટા થઈને ધોનીની જેમ ક્રિકેટર બનવું છે અને હું ક્રિકેટ એકેડેમીમાં રોજ ક્રિકેટ શીખવા-કોચિંગ માટે જાઉ છું. હું રમીને ઘરે આવું પછી પણ મારી ક્રિકેટની પ્રેક્ટિસ સારી થાય તે માટે મમ્મી મારી સાથે ક્રિકેટ રમે. સ્કૂલના હોમવર્ક અને પ્રોજેક્ટ્સમાં હેલ્પ કરે. મને પાણીપૂરી, પીઝા બહુ ભાવે અને જ્યારે તે બનાવી આપવા મમ્મીને કહું ત્યારે તે બનાવીને આપે. જો કે ફાસ્ટફૂડ બહુ નહીં ખાવા માટે સમજાવે. મને લાયન જોવો હતો તો મમ્મીએ પપ્પાને કહીને મારા માટે ગીરની ટૂર ગોઠવી હતી. જો કે જ્યારે મમ્મી મને એક કલાક માટે લખવા બેસવાનું કહે ત્યારે નહીં ગમે. ટીવી મોબાઈલ જોવા માટે રોકટોક કરે ત્યારે પણ થોડું નહીં ગમે. અઠવાડિયામાં બે વાર ચોકલેટ ખવડાવે પણ મને ચોકલેટ બહુ જ ભાવતી હોવાથી તે મને રોજ ખાવાનું મન થાય પણ મમ્મી બેથી વધારે વખત તો ના જ પાડે. આઈસ્ક્રીમ પણ ક્યારેક ક્યારેક જ ખાવાનું કહે ત્યારે મને મમ્મીની ચોકલેટ- આઈસ્ક્રીમ નહીં ખાવા માટેની સલાહ ઈરીટેટ કરે છે. જો કે હું આ બધી વાતોને લઈને ગુસ્સે નથી થતો કેમ કે મમ્મી જ મારી સાથે ઘરમાં વધારે રમે અને મારું મનગમતું કરતી હોય છે.’’

દરેક સ્ત્રી માતા તરીકે બાળકનું સારું જ ઈચ્છતી હોય છે. તેના બાળકમાં કોઈ ખોટી આદત નહીં પડે તે માટે બાળકને ટપારે છે. તેનું બાળક કઠોર મહેનત કરી ઉચ્ચ શિક્ષણ મેળવે કે કોઈ ફિલ્ડમાં સિદ્ધિ મેળવે તે માટે તેને અમુક ટેવો છોડી સારી આદતો અપનાવવા વારંવાર ઈનસિસ્ટ કરતી હોય ત્યારે બાળકોને તેમની મધરની આ ચેષ્ટાઓ અણગમતી લાગે છે. ક્યારેક સ્ત્રી પોતાના બાળકની કેર લેવામાં અતિશયોક્તિ કરી દે છે ત્યારે બીજાં બાળકો આ બાળકની હાંસી ઉડાવતાં હોય ત્યારે બાળકને મમ્મીના આવા વધારે પડતાં લાડકોડથી ચીડ આવતી હોય છે. જો કે આજનાં બાળકો સ્માર્ટ છે. તેઓ તેમની માતામાં શું લાઈક કરે છે તે હોંશે હોંશે જણાવે છે પણ ડિસલાઈક ડાયરેકટલી નથી કહેતાં. તેમને એવું લાગે છે કે ડેડી કરતાં વધારે તો મમ્મી ધ્યાન રાખે છે એટલે મમ્મી ખીજાય કે મમ્મી ખખડાવે તો પણ તે મમ્મી પ્રત્યેના અપાર પ્રેમને કારણે ડિસક્લોઝ નથી કરવા માંગતાં.